Seat No........

No.ofprinted page–2

[58]

SARDAR PATEL UNIVERSITY
B.A. (Semester-3rd) Examination-2022
Thursday, 17th November 2022
02:00 P.M. to 05:00 P.M.
GUJARATI
UA03SGUJ21
ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ ભાગ - ૩

કુલ ગુણ - ૭૦

---

પ્રશ્ન - ૧ પત્રકારત્વનો અર્થ સમજાવી તેની મહત્વની વ્યાખ્યાઓ ચર્ચો. (૧૮ ગુણ)

અથવા

સાહિત્ય અને પત્રકારત્વનો સંબંધ દર્શાવી, પત્રકારત્વના મુખ્ય સ્વરૂપોનો પરિચય કરાવો.

પ્રશ્ન - ૨ ફિચર લેખ એટલે શું ? તેની વ્યાખ્યા આપી તેના મુખ્ય હેતુઓ જણાવો. (૧૭ ગુણ)

અથવા

લેખનો અર્થ આપી તેના આયોજન માટે લેખનની સજ્જતાનો વિગતે પરિચય કરાવો.

પ્રશ્ન - ૩ નીચેનામાંથી કોઈપણ બે વિશે ટૂંકનોધ લખો (૧૮ ગુણ)

૧. વર્તમાનપત્રમાં લેખન વિષયોનું વર્ગીકરણ સમજાવો.

૨. પત્રકારત્વના ક્ષેત્રે પ્રગટ થતા લેખના હેતુઓ

૩. ફિચર અને તંત્રીલેખ વચ્ચેના સામ્ય – ભેદ ચર્ચો

૪. ફિચર અને ટૂંકીવાર્તા વચ્ચેના સામ્ય – ભેદ ચર્ચો



(P.T.O.)

પ્રશ્ન - ૪ નીચે આપેલા પરિચ્છેદનો ગુજરાતીમાંથી હિન્દીમાં અનુવાદ કરો (૧૭ ગુણ)

માણસના મનની અંદર હંમેશા બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે તે જોઇ શકે અને બીજીમાંથી પોતે કેવો હોવો જોઇએ તેનો તેને ખ્યાલ આવી શકે છે. શરીર, મગજ, અને મન એ બધાં નોખાં નોખાં તપાસવાં એ આપણું કામ છે, પણ તેટલેથી અટકી જઇએ તો એનું જ્ઞાન મેળવ્યાં છતાં આપણે કંઇ ફાયદો મેળવી શકીશું નહિ. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે, અને જ્યાં એ ત્રણ વસ્તુ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની પણ જરૂર છે. અને એ જાણ્યેથી પણ બસ નથી, પણ જાણ્યા પછી એ પ્રમાણે વર્તવાનું છે. નીતિનો વિચાર તો આર્કિટેક્ટ (સ્થપતિ)ના નકશા જેવો છે. નકશો ઘર કેમ બાંધવું તે બતાવે છે, પણ જેમ ચણતર ન કર્યું હોય તો નકશો નકામો થઇ પડે છે તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યું હોય તો નીતિનો વિચાર નકામો થઇ પડે છે. ઘણા માણસો નીતિનાં વચનો યાદ કરે છે, તે વિષે ભાષણો કરે છે. પણ તે પ્રમાણે ચાલતા નથી, અને ચાલવા માગતા પણ નથી. કેટલાક વળી એમ માને છે કે નીતિના વિચારો આ લોકમાં નહિ પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે. આ કંઇ વખાણવાલાયક વિચાર ગણાય જ નહિ. એક વિચારવાન માણસે કહ્યું છે કે જો આપણે સંપૂર્ણ થવું જ હોય તો આજથી જ, ગમે તે દુ:ખો સહન કરીને, નીતિ પ્રમાણે ચાલવું જોઇએ.

- મહાત્મા ગાંધીજી

અથવા

નીચે આપેલા પરિચ્છેદનો હિન્દીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરો

महात्मा गांधी ने अपने आसपास के लोगों को स्वच्छता बनाए रखने संबंधी शिक्षा प्रदान कर राष्ट्र को एक उत्कृष्ट संदेश दिया था। उन्हों ने "स्वच्छ भारत" का सपना देखा था जिसके लिए वह चाहते थे कि भारत के सभी नागरिक एक साथ मिलकर देश को स्वच्छ बनाने के लिए कार्य करें। स्वच्छ भारत अभियानका उद्देश्य केवल आसपास की सफाई करना ही नहीं है अपितु नागरिकों की सहभागिता से अधिक-से अधिक पेड़ लगाना, कचरा मुक्त वातावरण बनाना, शौचालय की सुविधा उपलब्ध कराकर एक स्वच्छ भारत का निर्माण करना है। देश में पर्यटन को बढ़ावा देने के लिए स्वच्छ भारत का निर्माण करना अत्यंत महत्वपूर्ण है। अस्वच्छ भारत की तस्वीरें भारतीयों के लिए अक्सर शर्मिंदगी की वजह बन जाती है इसलिए स्वच्छ भारत के निर्माण एवं देश की छवि सुधारने का यह सही समय एवं अवसर है। यह अभियान न केवल नागरिकों को स्वच्छता संबंधी आदतें अपनाने बल्कि हमारे देश की छवि स्वच्छता के लिए तत्परता से काम कर रहे देश के रूप में बनाने में भी मदद करेगा।

---

—x—